Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -:કાર્યવાહી:-

એકેડેમિક કાઉન્સિલની સભા **સોમવાર,તા.૦૫/૦૭/૨૦૨૧** નાં રોજ બપોરે ૧.૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓનલાઈન / ઓફલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. કિશોરસિંહ એન. ચાવડા**(માનનીય કુલપતિશ્રી)** | હાજર |
| (૨) | ડૉ. હેમાલીબેન એ. દેસાઈ | હાજર |
| (૩) | ડૉ. ભાવિનકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૪) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૫) | ડૉ. અજય નટવરલાલ પટેલ | હાજર |
| (૬) | ડૉ. વિજયકુમાર જોષી | હાજર |
| (૭) | ડૉ. સ્નેહલ કે. જોષી | હાજર |
| (૮) | ડૉ. દિલીપ એલ. વરસાણી | હાજર |

(૧) એકેડેમિક કાઉન્સિલની **તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧**ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિકકાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાંઆવી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

(૨) એકેડેમિક કાઉન્સિલની **તા.૨૯–૦૬–૨૦૨૧**ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૯–૦૬–૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાંઆવી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

(૩) પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ દરમ્યાન પ્રવેશ મેળવેલ સંશોધનાર્થીઓની પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની કાર્યવાહી સંબધકર્તા વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ દ્વારા નિયુકત રિવ્યુ સમિતિ સમક્ષ કરી, ભલામણ મુજબ કાર્યવાહી પૂર્ણ કરી થીસીસ મુલ્યાંકન માટે જમા કરાવવાની જોગવાઈ જે તે વર્ષ દરમ્યાન અમલી નિયમ મુજબની છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની ૨૦૧૬ના પીએચ.ડી. રેગ્યુલેશન ધ્યાને લઈ સિન્ડીકેટની તા. ૧૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૭) અન્વયે મંજુર કરેલ પીએચ.ડી. ઓર્ડિનન્સની નીચેની જોગવાઈ મુજબ સંશોધનાર્થી થીસીસ સંબધકર્તા વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ સમક્ષ પ્રિથીસીસ પ્રેઝન્ટેશન કરાવી સમિતિની ભલામણનું પરિપાલન કરી મુલ્યાંકન માટે સ્વીકારવાની છે. પ્રવર્તમાન નિયમ ધ્યાને લેતા મુલ્યાંકન માટે રજુ કરતા તમામ સંશોધનાર્થીનું પ્રિથીસીસ પ્રેઝન્ટેશન સંબધકર્તા વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ સમક્ષ કરાવીએ કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

**નોંધ :**

**૧: પીએચ. ડી. સંશોધન અભ્યાસના સિન્ડીકેટની તા. ૧૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૭) અન્વયે મંજુર થયેલ નિયમ મુજબ રજીસ્ટ્રેશન થનાર પ્રવેશાર્થીઓ માટે પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની જોગવાઈઃ**

3.1 Ph.D. programme shall be for a minimum duration of three years, including course work and a maximum of six years.

8.3 Prior to the submission of synopsis of the thesis, the scholar shall make a presentation before the Research Advisory Committee which shall also be open to all faculty members and other research scholars. The feedback and comments obtained from them may be suitably incorporated into the draft thesis in consultation with the Research Advisory Committee.

8.5 Candidate shall have to submit three (03) printed copies of thesis to the university through his/ her Research Supervisor and a CD of his/ her thesis (in PDF format). A candidate shall also submit five (05) copies of the summary of the thesis i.e. synopsis along with three copies of the thesis.

**૨: પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ દરમ્યાન રજીસ્ટ્રેશન કરાવેલ પ્રવેશાર્થીઓ માટે પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની જોગવાઈઃ**

7.1 Prior to the submission of the Synopsis, the research scholar shall make a presentation in the Department /institution before the Review Committee appointed for him /her. The feedback and comments obtained from them may be suitably incorporated into the draft thesis in constitution with the Research Supervisor.

**૩: યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ૨૦૧૬ના પીએચ. ડી. અંગેના રેગ્યુલેશનના અંતર્ગત પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની (ક્રમાંક 9.3)ની જોગવાઈ :**

Prior to the submission of the dissertation / thesis, the scholar shall make a presentation in the Departmentbefore the Research Advisory Committee of the Institution concerned which shall also be open all faculty members and other research scholars. The feedback and comments obtained from them may be suitably incorporated into the draft dissertation / thesis in consultation with the Research Advisory Committee.

**(અનુસ્નાતક વિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે,અગાઉના તમામ પીએચ.ડી. ના સંશોધકો પાસે પ્રિથીસીસ અંગેનું પ્રેઝન્ટેશન R.A.C સમક્ષ કરાવવું.**

**(૪) પીએચ. ડી. સંશોધન અભ્યાસના પ્રવર્તમાન ઓર્ડિનન્સ સિન્ડીકેટની તા. ૧૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૭) અન્વયે મંજુર કરેલ છે. જે ઓર્ડિનન્સમાં સંશોધન અભ્યાસનીમહત્તમ સમય અવધિ નીચે મુજબની જોગવાઈ અન્વયે છ (૬) વર્ષની નિયત કરેલ છે. નિયત સમય બાદ વધુમાં વધુ ૨ વર્ષનું એક્ષટેન્શન સંશોધનાર્થીની વિનંતી રીસર્ચ સુપરવાઈઝર અને રીસર્ચ એડવાઈઝરી સમિતિની ભલામણને માન. કુલપતિશ્રી મંજૂરી આપ્યેથી સંશોધનાર્થીને નિયત સમય અવધિ છ (૬) વર્ષ ઉપરાંત વધુ બે (૨) વર્ષની મંજુરી આપવાની જોગવાઈ છે.**

3.1 Ph.D. programme shall be for a minimum duration of three years, including course work and a maximum of six years.

3.2 Extension beyond the above limits may be granted by Hon. Vice Chancellor on recommendation of the Research Supervisor and Research Advisory Committee for the maximum of another two (2) years.

**પીએચ.ડી. સંશોધન અભ્યાસની પ્રવર્તમાન જોગવાઈ ધ્યાને લેતા વર્ષ ૨૦૧૯ ની પ્રવેશ કાર્યવાહી દરમ્યાન કે તે પહેલા પ્રવેશ મેળવેલ સંશોધનાર્થીને રજીસ્ટ્રેશન થયેથી કુલ ચાર વર્ષ બાદ સંશોધનાર્થીની એક્ષટેન્શનનીવિનંતી માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથે મળે તો માન. કુલપતિશ્રી માર્ગદર્શક એક**

– એક વર્ષના બે એક્ષટેન્શન આપવામાં આવે છે. પ્રવર્તમાન પીએચ. ડી. ઓર્ડિનન્સની ઉપર મુજબની જોગવાઈ મુજબ પીએચ. ડી. સંશોધન અભ્યાસ કરતા તમામ સંશોધનાર્થીઓને છ (૬) વર્ષ સુધી સંશોધના અભ્યાસના એક્ષટેન્શન લેવાની કાર્યવાહી કર્યા સિવાય ટર્મ વાઈઝ પ્રોગ્રેસ રીપોર્ટ / રિવ્યુ રિપોર્ટ જમા કરાવ્યેથી જે તે ટર્મની સંશોધન અભ્યાસની ફી સ્વિકારવા વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રવર્તમાન પીએચ.ડી. ઓર્ડિનન્સની જોગવાઈ અનુસાર પીએચ.ડી. સંશોધન અભ્યાસકરતા તમામ સંશોધનાર્થીઓને છ વર્ષ સુધી ટર્મવાઈઝ પ્રોગ્રેસ રીપોર્ટ/રીવ્યુ રીપોર્ટ કરાવ્યેથી જે તે ટર્મની સંશોધન અભ્યાસની ફી સ્વીકારવી. છ વર્ષ પછીથી નિયમાનુસાર એક્ષટેન્શન મેળવવા માટે સંશોધનાર્થીએ જરૂરી પ્રક્રિયા કરવાની રહેશે.**

**વધુમાં યુ.જી.સી.ના નિયમોનુસાર મહિલા સંશોધકકર્તાઓ માટે આઠ વર્ષ સુધી ટર્મવાઈઝ પ્રોગ્રેસ રીપોર્ટ/રીવ્યુ રીપોર્ટ કરાવ્યેથી જે તે ટર્મની સંશોધન અભ્યાસની ફી સ્વીકારવી. આઠ વર્ષ પછીથી નિયમાનુસાર એક્ષટેન્શન મેળવવા માટે સંશોધનાર્થીએ જરૂરી પ્રક્રિયા કરવાની રહેશે.**

**(૫)** જુલાઈ–૨૦૨૧ થી લેવાનાર કાનૂન વિદ્યાશાખા હેઠળની LL.B. SEM.-6 નાં પરીક્ષાનો કાર્યક્રમ માટે કાનૂન વિદ્યાશાખાના પૂર્વ અધર ધેન ડીનશ્રી સાથે ટેલીફોનીક વાતચીત કરી ઓફલાઈન લેવા જણાવેલ છે, જે આ સાથે સામેલ છે, આ અંગેની વિચારણા બાબત.

**(પરીક્ષાવિભાગ/કાનૂન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એલ.એલ.બી. સેમેસ્ટર–૩ (જૂનો અને નવો અભ્યાસક્રમ) ની પરીક્ષાઓ M.C.Q. ઓનલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**એલ.એલ.બી. સેમેસ્ટર–૪(જૂનો અને નવો અભ્યાસક્રમ) ની પરીક્ષાઓ M.C.Q. ઓનલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**એલ.એલ.બી. સેમેસ્ટર–૫(જૂનો અને નવો અભ્યાસક્રમ) ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**એલ.એલ.બી. સેમેસ્ટર–૬(જૂનો અને નવો અભ્યાસક્રમ) ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**એલ.એલ.એમ. સેમેસ્ટર–૧ અને ૪ ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**(૬)** જુલાઈ/ઓગસ્ટ – ૨૦૨૧ માં લેવાનાર કાનૂન વિદ્યાશાખા હેઠળની **એલ.એલ.બી (સેમેસ્ટર૫ અને ૬)** ની પરીક્ષા અંગે એકેડેમિકકાઉન્સીલ ની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ મુજબ પરીક્ષા ઓનલાઈન **MCQ**આધારિત લેવાનું નકકી કરવામાં આવેલ છે. જયારે ગુજરાત રાજય શિક્ષણ વિભાગ**પરિપત્ર ક્રમાંકઃ– પરચ/૨૦૧૮/૬૧/ખ–૧**સચિવાલય, ગાંધીનગર તા.૨૮/૦૬/૨૦૨૧ ના પરિપત્ર મુજબ રાજયમાં **COVID - 19**ના સંક્રમણની પરિસ્થિમાં સુધારો થતાં વિધાર્થીઓના શૈક્ષણિક હિતોને ધ્યાને લઈ સ્નાતક કક્ષાના ફાઈનલ સેમેસ્ટર / ટર્મીનલ સેમેસ્ટર અને અનુસ્નાતક કક્ષાના વિધાર્થીઓ માટે ઓફલાઈન(પ્રત્યક્ષ) પરીક્ષા લેવાનું નકકી થયેલ છે.તો પરીક્ષાનું આયોજન કઈ રીતે કરવું ? આ અંગેની વિચારણા બાબત...

**(પરીક્ષાવિભાગ/કાનૂન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઠરાવ ક્રમાંક : ૫ અનુસાર કાર્યવાહી કરવી.**

(૭) યુનિવર્સિટીની પરીક્ષા ઓનલાઈન લેવા બાબતે વિવિધ સંગઠનો તરફથી રજૂઆત મળેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષાવિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગ ગુજરાત રાજયના પરિપત્રક્રમાંક : પરચ / ૨૦૧૮ / ૬૧ / ખ–૧, ગાંધીનગરના તા.૨૮/૦૬/૨૦૨૧ ના પરિપત્રમાં જણાવ્યા અનુસાર કાર્યવાહી કરવી.**

**વિજ્ઞાન, વાણિજય, વિનયનવિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૬ અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૪ ની (રેગ્યુલર) પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવાનું આયોજન કરવું. આ સિવાયની તમામ પરીક્ષાઓ અર્થાત્ સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧, સેમેસ્ટર–૩ અને સેમેસ્ટર–૫ તેમજ અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧, સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૩ ની પરીક્ષાઓ MCQ, ઓનલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**વિનયન અને વાણિજય વિદ્યાશાખામાં એક્ષટર્નલ અભ્યાસક્રમોના સ્નાતક કક્ષાએ પ્રથમ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓ તેમજ અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષની પરીક્ષા MCQ, ઓનલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**સ્નાતક કક્ષાએ તૃતીય વર્ષ અને અનુસ્નાતક કક્ષાએ અંતિમ વર્ષની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું.**

**શિક્ષણ વિદ્યાશાખાના સેમેસ્ટર–૪ ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવા આયોજન કરવું. તેમજ સેમેસ્ટર–૨ ની પરીક્ષાઓ MCQ, ઓનલાઈન પધ્ધતિથીલેવા આયોજન કરવું.**

**વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માં પ્રથમ વખત સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ ની પરીક્ષાઓ આપનાર (રેગ્યુલર)વિદ્યાર્થીઓને સરકારશ્રીના પરિપત્ર અન્વયે મેરીટ બેઈઝડ પ્રોગ્રેશનનો લાભ મળે છે.**

**પરંતુ જેમને મેરીટ બેઈઝડ પ્રોગ્રેશનનો લાભ મળવાપાત્ર થતો નથી તેવા નાપાસ/એ.ટી.કે.ટી. ધરાવનાર સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ ના વિદ્યાર્થીઓની પરીક્ષા MCQ, ઓનલાઈન પધ્ધતિથી૧૦ મી ઓગષ્ટ પછી લેવા આયોજન કરવું. જેનું વિગતવાર ટાઈમટેબલ પછીથી જાહેર કરવામાં આવશે.સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ ના MCQ આધારિત પ્રશ્નપત્રો તૈયાર કરાવવા જરૂરી આયોજન કરવા પરીક્ષા વિભાગને જણાવવું. આ પ્રશ્નપત્રોનું માળખું અગાઉની MCQ આધારિતપરીક્ષા જેવું જ રહેશે. અર્થાત્ એક માર્કસના એક એવા પચાસ પ્રશ્નો પૂછવાના રહેશે. તેમજ ગણતરીવાળા વિષયોમાં એક માર્કસના ત્રીસ પ્રશ્નો અને બે માર્કસના દસ પ્રશ્નો પૂછવાના રહેશે.**

**ગણિતશાસ્ત્ર વિષયમાં એક માર્કસના સોળ અને બે માર્કના સત્તર પ્રશ્નો પૂછવાના રહેશે.**

**પ્રશ્નપત્રો માટે અગાઉ નીમાયેલા પ્રાશ્નિકોને કામગીરી સોંપવી. તેમજ તેઓએ તા. ૩૦–૦૭–૨૦૨૧ સુધીમાં પચાસ પ્રશ્નોના એક એવા બે સેટ અને દસ પ્રશ્નોનો એક અલગ સેટ જમા કરાવવાના રહેશે. પરીક્ષાના સુચારૂ સંચાલન માટે શકય તેટલા જલદીથી પ્રશ્નપત્રો જમા કરાવવા.**

**સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ ના રેગ્યુલર વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓને મેરીટ બેઈઝડ પ્રોગ્રેસન (M.B.P.) પધ્ધતિથી જાહેર થયેલ પોતાના પરીણામથી સંતોષ ન હોય તેવા વિદ્યાર્થીઓ સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ ની MCQ બેઈઝડ ઓનલાઈન એ.ટી.કે.ટી.ની પરીક્ષા સાથે આપી શકશે. પરંતુ આ માટે અગાઉથી જરૂરી યુનિવર્સિટી નિયત પરીક્ષા ફોર્મ અને ફી કોલેજ મારફત, પરીણામ જાહેર થયાથી દિન–૧૫ માં મોકલવાની રહેશે.**

(૮) શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિતશાહ કે. એમ. લો કોલેજ, વલસાડમાં બંધ કરેલ **LL.M. (Business Law)**અભ્યાસક્રમનું સેન્ટર ચાલુ કરવા બાબતે (૧)શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના મંત્રીશ્રીનો તા.૦૫–૦૫–૨૦૨૧નો પત્ર ક્રમાંક : **NKM/18/21-22.**તથા (૨)વિદ્યાર્થીઓની સંયુકત સહિથી યુનિવર્સિટી કાર્યાલયને તા.૨૪–૦૫–૨૦૨૧ના રોજ મળેલ રજુઆત અંગે**અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૦–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧) અન્વયે** નવુ અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમાનુસાર જરૂરી કાર્યવાહી કરવા કરેલ ઠરાવ અતંર્ગત સદર કોલેજને યુનિવર્સિટી કાર્યાલય દ્વારા તા.૧૮–૦૬–૨૦૨૧ના પત્ર ક્રમાંક :એસ (પીજી)/એફીલીએશન/૮૨૯૮/૨૦૨૧થીLL.M. (Business Law)**અનુસ્નાતક અભ્યાસક્રમનું નવું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમાનુસાર અરજી કર્યેથી આગળની કાર્યવાહી કરવાની જાણ કરતા, સદરહું બાબતે સદર કોલેજ ટ્રસ્ટના મંત્રીશ્રીએ તા.૨૩–૦૬–૨૦૨૧ના પત્ર ક્રમાંક :NKM/70/21-22 થી તેમની કોલેજનું LL.M. (Business Law)અભ્યાસક્રમનું અનુસ્નાતક કેન્દ્ર જે કામચલાઉ ધોરણે સ્થગિત કરેલ હોય, તેને ફરીથી શરૂ કરવા અંગેની મંજૂરી આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત....**

નોંધ :– શ્રી નૂતન કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શાહ કે.એમ. લો કોલેજ, વલસાડના ઈ.ચા.આચાર્યશ્રીના તા.૧૬/૯/૨૦૨૦ના પત્રાંક : ૬૮/૨૦૨૦–૨૧ થી કોલેજમાં ચાલતા પી.જી. સેન્ટ, વલસાડમાં LL.M.માન્યતા પ્રાપ્ત પી.જી. લેકચરરો પ્રાપ્ત થતાં ન હોય, પી.જી. સેન્ટર ચલાવવું શકય ન હોય જેથી કામ ચલાઉ ધોરણે પી.જી. સેન્ટરમાં સને ૨૦૨૦–૨૧ થી LL.M. SEMESTER-1 માં પ્રવેશ ન ફાળવવાની કરેલ વિનંતી બાબતે ડીનશ્રી, કાનૂન વિદ્યાશાખા તથા ચેરમેનશ્રી, શ્રી નૂતન કેળવણી મંડળ પાસે અભિપ્રાય મંગાવતા પ્રસ્તુત કોલેજ ખાતે ચાલતા LL.M.અભ્યાસના અનુસ્નાતક કેન્દ્રમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી પ્રવેશની કાર્યવાહી ન કરવા વિનંતી સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૦–૧૦–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે, ડીનશ્રી, કાનુન વિદ્યાશાખાનો તા.૨૫–૦૯–૨૦૨૦નો અભિપ્રાય અને ચેરમેનશ્રી, શ્રી નૂતન કેળવણી મંડળનો તા.૦૧–૧૦–૨૦૨૦ના પત્રથી આપેલ અભિપ્રાય મુજબ અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૦–૧૦–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે મંજુર કરવા અને LL.M. માં Business Lawવિષયનો અનુસ્નાતક અભ્યાસક્રમ યુનિવર્સિટી કાનૂન ડિપાર્ટમેન્ટમાં શરૂ કરવા માટે લો ડિપાર્ટમેન્ટના કોર્ષ કો–ઓર્ડિનેટરને દરખાસ્ત કરવા એકેડેમિકકાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિકકાઉન્સિલની તા.૧૮–૧૨–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૩૧) અન્વયે શાહ. કે. એમ. લો કોલેજમાં LL.M. Business Law ના પ્રવેશ સ્થગિત કરી તેના સ્થાને સિન્ડિકેટના ઠરાવ અનુસાર એમ. એસ. કે. લો કોલેજ, ભરૂચ ખાતે આ સેન્ટર ફાળવવામાં આવેલ હોય તેની નોંધ લેવામાં આવેલ છે.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૦–૦૬–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક(૧૧)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શાહ કે. એમ. લો કોલેજ, વલસાડમાં બંધ કરેલ**LL.M. (Business Law)**અભ્યાસક્રમનું સેન્ટર ચાલુ કરવા બાબતે (૧)શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના મંત્રીશ્રીનો તા.૦૫–૦૫–૨૦૨૧નો પત્ર ક્રમાંક : **NKV/18/21-22** તથા (૨)વિદ્યાર્થીઓની સંયુકત સહિથી યુનિવર્સિટી કાર્યાલયને તા.૨૪–૦૫–૨૦૨૧ના રોજ મળેલ રજુઆત સંદર્ભમાં નવું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમાનુસાર જરૂરી કાર્યવાહી કરવી.

**(સિન્ડિકેટ વિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૦–૦૬–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ પ્રમાણે સત્વરે કાર્યવાહી કરવી.**

(૯) જે તે વિષય માટે કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિત ઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૩/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે નીચે મુજબ ઠરાવેલ હતું. જે શરૂ કરવાની કાર્યવાહી અંગે પુનઃવિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિકકાઉન્સિલની તા. ૦૩/૦૬/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિષય માટે કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિતઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષનું સ્ટ્રકચર જે ૨ ક્રેડિટ(૨૪ કલાક) નું હોવું જરૂરી છેતે માટેનોઅભ્યાસક્રમ તેમજ પરીક્ષા પધ્ધતિની પ્રપોઝલ સંબંધિત બોર્ડ ઓફ

સ્ટડીઝમાંથી પસાર કરાવી ફેકલ્ટી દ્વારા મંજૂર કરી એકેડેમિકકાઉન્સિલની મંજૂરીથી લાગુ કરી શકાશે.

આ માટેનો પ્રસ્તાવ કોલેજો પાસેથી પ્રસ્તાવિત ફી સ્ટ્રકચર સાથે મોડામાં મોડો ૩૦ જૂનસુધીમાંપ્રથમ સત્ર ૨૦૨૧–૨૦૨૨ માં શરૂ કરવાના ઉદ્દેશથી યુનિવર્સિટી કાર્યાલયના એકેડેમિકવિભાગમાં જમા કરાવવું. પ્રસ્તાવિત સર્ટીફીકેટ કોર્ષ માટે પ્રોસેસીંગ ફી પેટે (પરીક્ષા, સર્ટીફીકેટ તેમજ ક્રેડીટની બાબત)વિદ્યાર્થી દીઠ કોર્ષ ફીના ૨૦% ચૂકવવાના રહેશે.

**(એકેડેમિકવિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિષય માટે કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિતઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષનું સ્ટ્રકચર જે ૨ ક્રેડિટ(૨૪ કલાક) નું હોવું જરૂરી છેતે માટેનોઅભ્યાસક્રમ તેમજ પરીક્ષા પધ્ધતિની પ્રપોઝલ એકેડેમિકવિભાગમાં કોર્ષ શરૂ કરતા પહેલાં જણાવવાની રહેશે. અને આ અભ્યાસક્રમ શીખવનાર વ્યકિતઓનીમાહિતી પણ એકેડેમિકવિભાગમાં જણાવવાની રહેશે.**

**વધુમાં જે તે કોર્ષ માટેનો અભ્યાસક્રમ, અભ્યાસક્રમની ક્રેડિટ, પરીક્ષા પધ્ધતિ, સમયગાળો, ફી નું માળખું તેમજ તજજ્ઞોની માહિતી કોર્ષ શરૂ કરતાં પહેલાં યુનિવર્સિટીના એકેડેમિક વિભાગને જમા કરવાની રહેશે. એકેડેમિકવિભાગદ્વારા સબંધિત ફેકલ્ટીના ડીનશ્રીની મંજૂરી મેળવી યુનિવર્સિટી દ્વારા મંજૂરી આપવાની રહેશે.**

## (૧૦) (માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધની બાબત)

૧. યુનિવર્સિટી ધારાની કલમ ૪૭–એ અન્વયે આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળનીઅભ્યાસસમિતિઓએપ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ જુન–૨૦૨૧ માંલેવાયેલી બેચલર ઓફ આર્કિટેકચર અને માસ્ટર ઓફ આર્કિટેકચરની પરીક્ષાઓમાટેપરીક્ષકોની તૈયાર કરેલી ભલામણયાદી

તથા

૨. મેડીકલ વિદ્યશાખા હેઠળની બી.ઓપ્ટોમેટરી (૪ સેમે. અને ૬ સેમે. રેગ્યુલર) અને એમ. ઓપ્ટોમેટરી (૧ અને ૨ ઈયર) ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુલાઈ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૩. મેડીકલ વિદ્યાશાખા હેઠળની એમ.બી.બી.એસ. સેકન્ડ ઈયર અને થર્ડ ઈયર પાર્ટ–૧ અને ૨ (સપ્લીમેન્ટરી એકઝામ)ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુલાઈ/ઓગષ્ટ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૪. હોમીયોપેથીક વિદ્યાશાખા હેઠળની સેકન્ડ અને થર્ડ ઈયર બી.એચ.એમ.એસ.ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુલાઈ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

**(પરીક્ષાવિભાગ/એ બ્રાન્ચ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

**(૧૧)** વિજ્ઞાન, વાણિજય અને વિનયન શાખાના ડીનશ્રીઓએ નીચે દર્શાવેલ બાબતો અંગે જરૂરી સ્પષ્ટતા અને માર્ગદર્શન આપવા વિનંતી કરેલ છે.

૧. વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાની અંદર મુખ્યવિષયના સેમેસ્ટર–૧ અને ૨માં ૨ પેપર, સેમેસ્ટર–૩ અને ૪માં ૩ પેપર અને સેમેસ્ટર–૫ અને ૬ માં ૬ પેપર હોય

છે. મુખ્યવિષયોમાં તમામ પેપરોના સંયુકત માર્કસથી પાસ થવાનું હોય છે. પ્રવર્તમાન ERP સિસ્ટમમાં વ્યકિતગત પેપરના ગ્રેસિંગના માર્કસ મુકવામાં તકલીફ આવે છે.

૨. વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખાની અંદર ઘણા વિષયોમાં સંયુકત વિષયો સાથે પાસ થવાનું હોય છે. યુનિવર્સિટીના નિયમ અનુસાર ૩/૫વિષયોમાં પાસ થયેથી આગળના વર્ષમાં પ્રવેશ મળે છે. આ સંજોગોમાં વિષયની સંખ્યા પ્રમાણે કે હેડ (સંયુકત પેપરોનું એકજ હેડ ગણવામાં આવતું હોય છે.) પ્રમાણે ગણતરી કરી પ્રવેશ આપવો?

તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ ની એકેડેમિકકાઉન્સિલના ઠરાવ ક્રમાંક : ૬૦ માં ઠરાવ્યા મુજબ આ બાબતની વિશદ ચર્ચા આગામી એકેડેમિક કાઉન્સિલની સભામાં કરવામાં આવશે. તો ઉપરોકત બાબતો અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા વિભાગ/આર્ટસ્ ફેકલ્ટી)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,**

**(૧) યુનિવર્સિટીના આંતરિક મૂલ્યાંકનમાં ગ્રેસિંગ અંગેના અગાઉના પરિપત્ર અનુસાર કાર્યવાહી કરવી.**

**(૨) યુનિવર્સિટીના નિયમ અનુસાર ૩/૫ વિષયોમાં પાસ થયેથી આગળના વર્ષમાં પ્રવેશ મળે છે. આ સંજોગોમાં પાસીંગ હેડને ધ્યાનમાં લઈ પ્રવેશ પ્રક્રિયા કરવી. યુનિવર્સિટીના પ્રવર્તમાન માળખા અનુસાર વિજ્ઞાન વિદ્યાશાખામાં થીયરી અને પ્રેકટીકલના અલગ હેડ ગણવાના રહેશે.**

**(૧૨)** મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના તા. ૦૨/૦૭/૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા મુજબ ગત વર્ષ MRS (SD) Sem-I અને Sem-II માં નીચે દર્શાવેલ સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ ના પેપર્સમાં બદલાવ જરૂરી હોય તે બદલાવ કરીને સુધારેલ પેપર્સ વિષયના શિક્ષકો પાસે તૈયાર કરાવેલ જે સુધારેલ પેપર્સ બોર્ડ વતી બોર્ડના ચેરમેન તેમજ રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીની મંજૂરીની અપેક્ષાએ રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીનશ્રીએ મંજૂર કરેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

| Sr. No. | Paper Code | Subject Name |
|---|---|---|
| **Semester - I** | | |
| 1 | MRSSD – 1.2 | General Sociology |
| 2 | MRSSD – 1.3 | General Principal of Ecology and Environment |
| 3 | MRSSD – 1.5 | Developmental Writing, reading, and public speaking |
| **Semester - II** | | |
| 1 | MRSSD – 2.2 | Sociology of Development |
| 2 | MRSSD - 2.4 | Composition and interpersonal communication |
| 3 | MRSSD – 2.6 | General Principles of Ecology and Environment |

**(એકેડેમિકવિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,MRS (SD) Sem-I અને Sem-II ના ઉપરોકત અભ્યાસક્રમબોર્ડ વતી બોર્ડના ચેરમેન તેમજ રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીની મંજૂરીની અપેક્ષાએ રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીનશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કરવામાં આવે છે.**

**(૧૩)** તા.૦૩/૦૭/૨૦૨૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયને મળેલ શિક્ષણ વિદ્યાશાખાનાં પૂર્વ ડીનશ્રી અને બી.એડ્ કોલેજોનાં આચાર્યનાં પત્ર અવલોકનાર્થે સાદર.

ઉપરોકત પત્ર જણાવ્યા પ્રમાણેતા.૨૫/૦૬/૨૦૨૧નાં રોજ થયેલ એકેડેમિક કાઉન્સિલનાં ઠરાવ મુજબ બી.એડ્ સેમેસ્ટર–૨ની પરીક્ષા તાઃ.૦૨/૦૮/૨૦૨૧ના રોજથી લેવા જણાવેલ છે. પરંતું તાઃ.૧૮/૦૮/૨૦૨૧નાં રોજથી લેવા માટે વિનંતી કરેલ છે. જેથી NCTE નોર્મસ મુજબ તેમના શાળાનાં પાઠો તથા વાઈવાનાં કામમાં સાનૂકુળતા રહે. તેમજ બી.એડ્ સેમેસ્ટર–૨ પરીક્ષા ઓફલાઈન કે ઓનલાઈન લેવી તેમજ સેમેસ્ટર–૪ની પરીક્ષા ૨૬/૦૭/૨૦૨૧નાં રોજથી ઓનલાઈન લેવાનાર છે પરંતું હવે ઓફલાઈન લેવા જણાવેલ છે માટે તે અંગેની બાબતે ચર્ચા–વિચારણા કરવી.

**(પરીક્ષા વિભાગ/એજયુકેશન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત Withdraw કરવામાં આવે છે.**

**(૧૪)** તા.૩૦/૦૬/૨૦૨૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયને મળેલએલએલ.એમ સેમ–૧નાં વિદ્યાર્થી ગુપ્તા પ્રદીપ ભરતની અરજીઅવલોકનાર્થે સાદર.

ઉપરોકત અરજીમાં જણાવ્યા પ્રમાણે સદર વિદ્યાર્થીએ એલએલ.એમ સેમ–૧નો કોર્ષ જટીલ અને પ્રેકટીકલ હોવાથી એલએલ.એમ સેમ–૧ પરીક્ષા ઓફલાઈન લેવા માટે યુનિવર્સિટી કાર્યાલયને વિનંતી કરેલ છે.તો આ અંગેની ચર્ચા–વિચારણા બાબત...

**(પરીક્ષા વિભાગ/કાનૂન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત Withdraw કરવામાં આવે છે.**

**(૧૫)** ગુજરાત રાજય, શિક્ષણ વિભાગના પરિપત્રક્રમાંકઃ પરચ/૨૦૧૮/૬૧/ખ –૧,ગાંધીનગરનાંતા.૨૮/૦૬/૨૦૨૧નાં પરિપત્રમાં જણાવ્યા મુજબ ઓફલાઈન પરીક્ષા લેવા અંગે વિચારણા કરી છે. છે. પરંતું B.COM LL.B. (Hons) ના વિદ્યાર્થીઓની અરજી મુજબ અને કાનૂન વિદ્યાશાખાનાં પૂર્વ અધર ડિનશ્રી સાથે ટેલીફોનીક થયેલ વાતચીત મુજબ B.COM LL.B. (Hons)Sem-10ની પરીક્ષા તા.૧૯/૦૬/૨૦૨૧નાં રોજ ઓનલાઈન લેવા જણાવેલ છે.(જે આ સાથે સામેલ છે.)તો આ અંગેની ચર્ચા–વિચારણા બાબત...

**(પરીક્ષા વિભાગ/કાનૂન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બી.કોમ.એલ.એલ.બી.(ઓનર્સ) અભ્યાસક્રમની તમામ સેમેસ્ટરની પરીક્ષાઓ MCQ ઓનલાઈન પધ્ધતિથી યોજવા આયોજન કરવું. વિગતવાર ટાઈમટેબલ હવે પછીથી જાહેર કરવામાં આવશે.**

**(૧૬)** પીએચ.ડી. પ્રવેશની તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજની પ્રવેશ જાહેરાત અન્વયે બાયોસાયન્સ વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રવેશ અરજી કરનાર ઉમેદવાર પાટીલ સુર્વણા સુભાષની તા.૩૦/૦૬/૨૦૨૧ ના રોજની અરજીથી સ્લેટ પરીક્ષાના માર્કસ ગણતરીમાં લેવા વિનંતી કરેલ છે.

અરજી કર્તા ધ્વારા પીએચ.ડી. પ્રવેશ અરજીમાં ગેટ પાસ કરેલ દર્શાવેલ હોવાથી પીએચ.ડી પ્રવેશ પરીક્ષામાંથી મુકિત મેળવેલ હતી. અરજીકર્તા ધ્વારા પાસ કરેલ ગેટ પરીક્ષાના કવોલીફાઈડ માર્કસ ૪૧.૬૭ સાથે ઓનલાઈન ફોર્મ સબમીટ કરેલ હતું. સ્લેટ પરીક્ષા કવોલીફાઈડ હોય અરજી કર્તા ધ્વારા સ્લેટ પરીક્ષાના કવોલીફાઈડ માર્કસ ૭૧.૪૨ હોય, ગેટની જગ્યા પર સ્લેટના માર્કસ પ્રવેશ કાર્યવાહી માટે ગણતરીમાં લેવા વિનંતી કરેલ છે. સંશોધનાર્થીના સ્લેટના સર્ટીફિકેટ પર (Valid in the States of Maharashtra & Goa only) દર્શાવેલ હોય જે ધ્યાને લઈ અરજીકર્તાની ગેટ સ્કોરના સ્થાને સ્લેટ કે જે સર્ટીફિકેટ પર (Valid in the States of Maharashtra & Goa only) સાથે ઈસ્યુ કરેલ

છે, જે સ્કોર કાર્ડ પીએચ.ડી. પ્રવેશની કાર્યવાહી માટે માન્ય ગણીયે કે કેમ તેના પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત અરજીમાં વિદ્યાર્થીએ કરેલ વિનંતીને ગ્રાહય રાખવામાં આવતી નથી.**

**(૧૭)** સદર વિદ્યાર્થી સિંધ ગોવિંદ હનુમાન તથા રાજપરા ક્રુશાંત જી. ની અરજી અવલોકનમાં લેવા બાબત.

સદર પત્રમાં જણાવ્યાનુસાર, (૧) સિંધ ગોવિંદ હનુમાન વિદ્યાર્થીએ એમ.કોમ.સેમ–૪, એમ.કોમ.પાર્ટ–ર, યુનિર્વસિટીની એકઝામના ટાઈમટેબલ માં એક એક દિવસનો ગેપ રાખવા વિનંતી કરેલ છે. (ર) રાજપરા ક્રુશાંત જી. સી.એ.ફાઉન્ડેસન ની પરીક્ષા હોવાથી એસ.વાય.બી.કોમ. એક્ષર્ટનલ ની તારીખ ર૪/ર૬/૩૦–૦૭–ર૦ર૧ નો સમય તથા તારીખ બદલવા માંગણી કરેલ છે.

વધુમાં જણાવવાનું કે, <u>**આ રીતની માંગણી જો ગ્રાહ્ય રાખવામાં આવશે તો પરિણામમાં વિલંબ થશે જેથી આ પ્રકારની માંગણી ગ્રાહ્ય રાખી શકાય નહી તથા અરજી દફતરે કરવાનું રાખીએ.**</u> તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/કોમર્સ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત અરજીઓમાં વિદ્યાર્થીઓ દ્વારા કરેલ વિનંતીને ગ્રાહય રાખવામાં આવતી નથી.**

**(૧૮)** <u>**Tidke Vijay Ukhardu**</u> ની તા.૧૪/૦૬/૨૦૨૧ ના રોજની પદવી પ્રમાણપત્ર વેરીફીકેશન કરવા અંગેની અરજી અવલોકનમાં લેવા વિનંતી.

જેમાં નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને આવેલ છે.

(૧) સદરહૂ વિદ્યાર્થીએ માર્ચ–૨૦૦૨ ના વર્ષમાં બી.એસસી. ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરેલ છે. ત્યારબાદ પદવી પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૩ માં એનાયત કરાયેલ છે. સદર વિદ્યાર્થીએ પદવી પ્રમાણપત્ર વેરીફીકેશન કરવા યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ અરજીફોર્મ માં જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરેલ જેમાં વિદ્યાર્થીની માર્કશીટ તેમજ પદવી પ્રમાણપત્ર યુનિવર્સિટી ના જે તે રેકર્ડ સાથે ચકાસણી કરતા બરાબર માલૂમ પડેલ છે.

(ર) વર્ષ ૨૦૦૩ માં <u>વાર્ષિક/ખાસ</u> પદવીદાન સભારંભ એકસાથે યોજવામાં આવેલ હતા. તે સમયે રાજયપાલશ્રી સુંદરસિંહ ભંડારીના વરદહસ્તે પદવી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હોવાથી પદવી પ્રમાણપત્રો પર મા.કુલાધિપતિશ્રી ની સહીથી આપવામાં આવેલ હતા. જયારે ઉપરોકત વિદ્યાર્થી ટીડકે વિજય ઉખરદુ ના પદવી પ્રમાણપત્રમાં ઉપર કુલપતિશ્રી પ્રેમ કુમાર શારદા ની સહીથી આપવામાં આવેલ છે. <u>જેઓ નો વર્ષ ૧૯૯૯–૨૦૦૫ સુધી અત્રેની યુનિર્વસિટી ખાતે વાઈસ ચાન્સલર તરીકે નો કાર્યકાળ રહેલો હતો.</u> જે જાણ સારું.

ઉપરોકત તમામ બાબત ધ્યાને લેતા તેમજ સદરહું વિર્દ્યાથીની પદવી પ્રમાણપત્ર પર જ વાઈસ ચાન્સેલર શ્રી પ્રેમ કુમાર શારદા ની સહી હોય તો આ વિર્દ્યાથીને તે સમયના વાઈસ ચાન્સેલરશ્રી નો કાર્યકાળ જોતા પદવી પ્રમાણપત્ર વેરીફિકેશન કરી શકાય કે કેમ તે પર વિચારણા કરવા સારૂ.

**(પરીક્ષા વિભાગ/કોન્વોકેશન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટી કાર્યાલયના રેકોર્ડ સાથે ચકાસણી કરી વિદ્યાર્થીને ડીગ્રી સર્ટીફીકેટનું વેરીફીકેશન વિદ્યાર્થી પાસે બાંહેધરી મેળવી આપી શકાય. આ અને આવા તમામ કિસ્સાઓ માટે જરૂરી બાંહેધરીપત્રક પરીક્ષા વિભાગદ્વારા તૈયાર કરાવવું.**

**(૧૯)** B.Sc. Medical Technology ના બદલે નામ બદલીને B.Sc. Medical Laboratory Technology કરવા બાબતે ચર્ચા કરતા મેડીકલ ટેકનોલોજી વિષયનીઅભ્યાસસમિતિની તા.૦૯/૦૬/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૭/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૨ અન્વયે મંજૂર કરી એકેડેમિકકાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિકકાઉન્સિલે તેની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૦ થી પુનઃ એકેડેમિકકાઉન્સિલમાં રજૂ કરવા જણાવેલ હોય જે અંગે વિચારણા કરવા બાબત.

**<u>મેડીકલ ટેકનોલોજી વિષયનીઅભ્યાસસમિતિની તા.૦૯/૦૬/૨૦૨૧ની સભાનાં ભલામણ ક્રમાંકઃ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, B.Sc. Medical Technology એ પેથોલોજી લેબોરેટરીનો કોર્ષ છે પરંતુ પેથોલોજી લેબોરેટરીમાં જયારે સરકારી ભરતીની જાહેરાત આવે છે ત્યારે આ કોર્ષને લાયકાતમાં ગણતા નથી તદ્ઉપરાંત M.Sc. પણ Medical Laboratory Technology હોઈ B.Sc. તથા M.Sc. ના વિષયમાં સંગતતા જળવાઈ રહે તેથી B.Sc. Medical Technology કોર્ષનું નામ બદલીને B.Sc. Medical Laboratory Technology કરવા વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>વિજ્ઞાનવિદ્યાશાખાની તા.૧૭/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ ટેકનોલોજી વિષયનીઅભ્યાસસમિતિની તા.૦૯/૦૬/૨૦૨૧ની સભાનાં ભલામણ ક્રમાંકઃ૪ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિકકાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૦</u>**

:: ઉપરોકત બાબત અન્ય ફેકલ્ટીના વિવિધઅભ્યાસક્રમોમાં પણ લાગુ પડતી હોય પુખ્ત વિચારણા કરવા માટે આગામી તા. ૦૫/૦૭/૨૦૨૧ ની એકેડેમિકકાઉન્સિલમાં પુનઃ રજૂ કરવું.

:: **આથી ઠરાવવામાં આવે છે કે,વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૭/૦૬/૨૦૨૧ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૨ યથાવત્ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**(૨૦)** ડો. વિમલ પંડયા, પૂર્વ અધર ધેન ડીનશ્રી, લો ફેકલ્ટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો પત્ર અવલોકનાર્થે સાદર.

સદરહું પત્રમાં જણાંવ્યા મુજબ આજ રોજ તા.૧–૭–૨૦૨૧ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન સમગ્ર કોલેજના તમામ આચાર્યશ્રીઓ અને અધ્યાપકશ્રીઓની ઓનલાઈન બેઠક મળેલ જેમાં વિવિધ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીઓએ નીચે મુજબની માંગણી કરેલ છે.

૧. એલ.એલ.એમ. સેમેસ્ટર–૧ની પરીક્ષા ઓફ લાઈનથી લેવામાં આવે.
૨. એલ.એલ.એમ. સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૩ના પ્રશ્નપત્રની હાલ જરૂરિયાત ન હોય પ્રશ્નપત્ર કાઢવાનું મુલતવી રાખવાની વિનંતી કરવામાં આવી હતી.
૩. ૩ ઈયર એલ.એલ.બી.ના સેમેસ્ટર–૫ અને ૬ ની પરીક્ષા ઓફ લાઈનથી લેવામાં આવે.
૪. સેમેસ્ટર–૪ની પરીક્ષા ઓનલાઈનથી લેવામાં આવે. (ન્યુ કોર્ષ)
૫. સેમેસ્ટર–૩માં નવા અને જુના કોર્ષ ચાલતા હોય આમના પેપર પહેલેથી જ જમા થયેલ હોય તેઓની પરીક્ષા પણ ઓફ લાઈન લેવા વિનંતી કરવામાં આવી હતી.

વધુમાં આ બેઠકમાં અધ્યાપકોએ જણાવ્યું હતુ કે જુના અને નવા કોર્ષના વિષયોનું મેપિંગ શકય ન હોય જેથી MCQ પરીક્ષા એક જ વિષયના બે પ્રશ્નપત્ર કાઢવા પડતા હોય અને વિદ્યાર્થીઓમાં મુંજવણ ઉત્પન્ન થાય તેવી પૂરી શકયતા હોય તથા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની અમુક વિષયો પૂર્ણ કરવાની ગાઈડ લાઈનનું પાલન કરવાનુ જરૂરી હોય જેથી બને ત્યાં સુધી ઓફ લાઈન પરીક્ષાનો આગ્રહ

રાખવો. આ મિટીંગમાં દરેક કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓને સર્વાનુમતે ઠરાવ કરેલ કે યુનિવર્સિટીની જાણ માટે ડો. વિમલ પંડયાને પત્ર લખવા માટે અને ઘટતુ કરવા માટે ઠરાવેલ છે. જે બાબતે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા વિભાગ/કાનૂન)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત Withdraw કરવામાં આવે છે.**

**(૨૧)** તા.૨૯–૦૬–૨૦૨૧ની એકેડેમિક કાઉન્સિલના ઠરાંવ ક્રમાંકઃ૦૧થી નકકી થયેલ ઓફલાઈન લેવાનાર પરીક્ષાઓ સાર બીએ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ, થર્ડ ઈયર ફાઈન આર્ટસ .,બી.એસ.ડબ્લયુ,બી.પી.એ., ફાઈવ ઈયર ઈન્ટીગેટેડ એચ.આર.ડી.સેમેસ્ટર–૬ની રેગ્યુલરની પરીક્ષાઓ તથા એમ.એ., એમ.કોમ., એમ.એસસી., એમ.પી.એ.,એમ.એસ.ડબ્લયુ, (ફાઈવ ઈયર ઈન્ટીગેટેડ એચ.આર.ડી.)સેમેસ્ટર–૧૦, એમ.એ.(HRD),એમ.એલ. ડબ્લયુ, એમ.એ. (HRM & LR)સેમેસ્ટર–૪ની રેગ્યુલર પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિ તા. ૧૯–૦૭–૨૦૨૧થી યોજવા તથા મેનેજમેન્ટ ફેકલ્ટીની એમ.બી.એ. સેમેસ્ટર–૪ (ફુલટાઈમ) અને સેમેસ્ટર–૬(ઇવનીંગ) રેગ્યુલરની પરીક્ષાઓ અને એમ.બી.એ. સેમેસ્ટર–૨(એ.ટી.કે.ટી.)અને સેમેસ્ટર–૩(એ.ટી.કે.ટી.) ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી તા. ૧૯–૦૭–૨૦૨૧થી યોજવા. તથા બી.આર.એસ. સેમેસ્ટર–૬ની પરીક્ષાઓ તા.–૧૯–૦૭–૨૦૨૧થી ઓફલાઈન પધ્ધતિથી લેવામાં આવશે. તથા ગ્રામ અભ્યાસ વિદ્યાશાખાની એમ.આર.એસ. સેમેસ્ટર–૪ની પરીક્ષાઓ તા.૧૨–૦૭–૨૦૨૧થી ઓફલાઈન પધ્ધતિથી લેવાનું નકકી થયેલ છે.

એક્ષટર્નલ અભ્યાસક્રમમાં બી.એ.,બી.કોમ. તૃતીય વર્ષ અને એમ.એ., એમ.કોમ. પાર્ટ–૨ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિ(વર્ણનાત્મક–Descriptive Method )તા. ૨૯–૦૭–૨૦૨૧થી એમ.આર.એસ.સેમેસ્ટર–૨ અને ૩ (એ.ટી.કે.ટી.)ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવામાં આવશે. એમ.આર.એસ.(SD) સેમેસ્ટર–૧ (એ.ટી.કે.ટી.)ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવામાં આવશે. બી.આર.એસ. સેમેસ્ટર–૧અને ૩ (એ.ટી.કે.ટી.)ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી લેવાનું નકકી થયેલ હોય છે.

ઉપરોકત તમામ પરીક્ષાના એસેસમેન્ટ માટે સેન્ટેલાઇઝ કે જે તે કોલેજ પર બંડલો મોકલાવી આચાર્યશ્રીની રાહબરી હેઠળ એસેસમેન્ટ કરાવવું ? અને જે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ/પરીસરમાં ચાલતા અભ્યાસક્રમોનું જે તે ડિપાર્ટમેન્ટમાં રાખવું કે કેમ?સદર બાબતે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૬ અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૪ ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી યોજાનાર હોય તેમની ઉત્તરવહીઓની ચકાસણીનું કાર્ય ઓનલાઈન પધ્ધતિથી કરાવવું.**

**(૨૨) (માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધની બાબત)**

૧. યુનિવર્સિટી ધારાની કલમ ૪૭–એ અન્વયે આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓએ પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ જુન–૨૦૨૧ માં લેવાયેલી બેચલર ઓફ આર્કિટેકચર અને માસ્ટર ઓફ આર્કિટેકચરની પરીક્ષાઓ માટે પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી

તથા

૨. મેડીકલ વિદ્યશાખા હેઠળની બી.ઓપ્ટોમેટરી (૪ સેમે. અને ૬ સેમે. રેગ્યુલર) અને એમ. ઓપ્ટોમેટરી (૧ અને ૨ ઈયર) ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુલાઈ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૩. મેડીકલ વિદ્યાશાખા હેઠળની એમ.બી.બી.એસ. સેકન્ડ ઈયર અને થર્ડ ઈયર પાર્ટ–૧ અને ૨ (સપ્લીમેન્ટરી એકઝામ)ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુલાઈ/ઓગષ્ટ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૪. હોમીયોપેથીક વિદ્યાશાખા હેઠળની સેકન્ડ અને થર્ડ ઈયર બી.એચ.એમ.એસ.ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુલાઈ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

**(૨૩)** કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી. વિદ્યાશાખાના ડીનશ્રી ડો. સ્નેહલ જોષીનો તા. ૦૩–૦૭–૨૦૨૧નો ઈ–મેઈલમાં જણાવ્યા મુજબ આગામી એકેડમીક કાઉન્સિલની બેઠકમાં માનનીય કુલપતિશ્રી ની અનુમતિથી નીચે મુજબની બાબતો, નિર્ણય અર્થે ચર્ચામાં લેવા વિનંતી.

૧. પ્રશ્નપત્રોને ઓનલાઈન જમા કરાવવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે. જેથી જે તે પરિક્ષા માટેના ચેરમેન, ટાઈપ થયેલા પ્રશ્નપત્રોની વર્ડ અથવા પી.ડી.એફ. ફોર્મેટની ફાઈલ અપલોડ કરી શકે. આવી વ્યવસ્થાથી યુનિવર્સિટીમાં જમા કરાવવા માટે લેવી પડતી ડી.એલ., યુનિવર્સિટીને આપવું પડતું ટી.એ./ડી.એ., પોતાની કોલેજ થી યુનિવર્સિટી આવવામાં વપરતા અને વેડફતા માનવીય કલાકો તથા મુસાફરીની અસુવિધા, તેમજ અન્ય કોઈ પણ પ્રકારની સ્ટેશનરીના ખર્ચને બચાવી શકાય, તેમજ જમા કરાવવાની પ્રકિયા સરળ બને તથા ઝડપથી આ કાર્યવાહી થઈ શકે. આપશ્રીને નમ્ર વિનંતી છે, કે જો તમામ ફેકલ્ટીમાં આ બાબત તાત્કાલિક ધોરણે લાગુ પાડી શકીએ તેમ ના હોય, તો માત્ર કોમ્પ્યુટર ફેકલ્ટીના બી.સી.એ./બી.એસસી. (કોમ્પ્યુટર)માટે પાયલોટ પ્રોજેકટના ધોરણે આ બાબત લાગુ કરી શકાય.

૨. પ્રાશ્નિકો તેમજ ચેરમેન દ્વારા જમા કરાવાતા બિલની કાર્યવાહીમાં ખૂબ લાંબો સમયગાળો થાય છે. યુનિવર્સિટી પરીક્ષા વિભાગ દ્વારા પ્રશ્નપત્રો જમા થયેથી તથા પરીક્ષા પૂર્ણ થયેથી નિર્ધારિત સમયગાળામાં, આ સાથે બિડેલ સેમ્પલ ફોર્મેટ (બિડાણ–૧) મુજબની ફેકલ્ટીવાઈઝ યાદી જો એકાઉન્ટ વિભાગને આપી દેવામાં આવે તો એકાઉન્ટ વિભાગ જે તે અધ્યાપકને તેમના મહેનતાણાની રકમ સીધી જમા કરી શકે. તેમજ આ બાબતે અલગ અલગ ભરતા બિલો તેમનું ખોવાઈ જવાની શકયતા ચેરમેન દ્વારા કયારેક કોઈ સંજોગોમાં જમા ના થતાં બિલોની સમસ્યા જેવી બાબતોનો ઉકેલ આવી શકે તેમજ પ્રાશ્નિકો તેમજ ચેરમેનને મળવાપાત્ર મહેનતાણાંની રકમ મળી શકે.

૩. ઉપરોકત બાબત–૨ ને પ્રાયોગિક પરીક્ષાના પરિક્ષકોના બિલ માટે પણ લાગુ પડી શકાય. જે માટેનું ચેરમેન દ્વારાભરવા પાત્ર થતું મહેનતાણું એક જ કોમન સેમ્પલ બિલ (બિડાણ–૨) આ સાથે ચર્ચા અર્થે મુકેલ છે. સદર બાબતે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી. વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. સ્નેહલભાઈ જોષીના ઈમેઈલદ્વારા આપવામાં આવેલા સૂચન અનુસાર પરીક્ષા માટેના પ્રશ્નપત્રો જે તે વિષયના ચેરમેન દ્વારા યુનિવર્સિટીદ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રસ્થાપિત ફોર્મેટમાંઓનલાઈન પધ્ધતિથી અપલોડ કરાવવાના રહેશે.કોઈક સંજોગોમાં ચેરમેન દ્વારા ઓનલાઈન પધ્ધતિથી અપલોડ કરવાનું શકય ન બને તો યુનિવર્સિટી ખાતે રૂબરૂ જમા કરાવી શકશે.**

**યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રસ્થાપિત ઓનલાઈન ફોર્મેટમાંપ્રાશ્નિક અને ચેરમેનના મહેનતાણાના બીલ પણ અપલોડ થઈ શકે તેમજ તેની ચૂકવણી પણ ઓનલાઈન પધ્ધતિથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.**

**પ્રેકટીકલ પરીક્ષાઓમાં એકઝામીનરના મહેનતાણાંના બીલો ચેરમેન દ્વારા ઓનલાઈન ફોર્મેટમાં અપલોડ થઈ શકે તેમજ તેની ચૂકવણી પણ ઓનલાઈન પધ્ધતિથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.**

**ઉપરોકત તમામ બાબતોના અમલીકરણની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ છે.**

(૨૪) યુ.જી.સી.ના તા. ૨૭/૦૮/૨૦૨૧ થી નોટીફાઈ થયેલ UGC (Minimum Standards and Procedure for Awards of M.Phil/Ph.D Degree) ($1^{st}$ amendment )Regulation,2018અન્વયે નિર્ધારીત થયેલ અનામત બેઠકો ના પ્રવેશ સંદર્ભે ડીનશ્રી વિનયન, વાણિજય,વિજ્ઞાન અને કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી. ના. તા. ૩/૦૭/૨૦૨૧ ના પત્રથી અનામત કેટેગરીની ખાલી રહેલ બેઠકો પરિવર્તિત કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન માંગેલ માર્ગદર્શન અંગે વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રીઝર્વેશન કેટેગરીના જે ઉમેદવારો પ્રેઝન્ટેશન સમયે ઉપસ્થિત ન રહી શકયા હોય તેવા ઉમેદવારોનેRAC નો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયેથી એક મહિનાની અંદર રીઝર્વેશન કેટેગરીની ખાલી રહેલ બેઠકો માટે RAC સમક્ષ પુનઃ પ્રેઝન્ટેશન માટે બોલાવવાના રહેશે.**

**(પરિશિષ્ટ–૧)**

(૨૫) બેચલર ઓફ આર્કિટેકચરના વિદ્યાર્થી નામે સાર્થક રસીકભાઈ ચોવટીયાની તા.૦૩/૦૪/૨૦૨૧ ની અરજી પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કેસમાં વિદ્યાર્થી પાસે બાંહેધરી લઈ જૂની ઓરીજીનલ માર્કશીટ જમા લઈ નવી સુધારેલ ઓરીજીનલ માર્કશીટ આપવી.**

(૨૬) કાંતિકારી સ્ટુડન્ટ યુનિયન તથા વિદ્યાર્થીઓની અરજી અવલોકને લેવા વિનંતી.
જુલાઈ – ૨૦૨૧ દરમ્યાન લેવાનારી બી.એસસી – ૬ સેમેસ્ટરની પરીક્ષાના ટાઈમટેબલ એકેડમીક કાઉન્સીલની સુચના મુજબ તૈયાર કરવામાં આવેલ છે. સદર કાંતિકારી સ્ટુડન્ટ યુનિયન જણાવે છે કે વિદ્યાર્થીના ટાઈમટેબલમાં એક પેપર ની વચ્ચે રજા આપવાનું જણાવે છે. તથા તા. ૨૦/૦૭/૨૧ થી ૨૪/૦૭/૨૧ દરમ્યાન ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા ચાલુ થતી હોય તારીખ બદલવાની માંગણી કરેલ છે.
જે બાબતે વિચારણા કરવા બાબત..

(પરીક્ષા વિભાગ/સાયન્સ ફેકલ્ટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્પોર્ટસ, સાંસ્કૃતિક, એન.સી.સી., એન.એસ.એસ. ની આંતરરાજય/આંતરયુનિવર્સિટી/રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પરીક્ષાની એક તક આપવામાં આવતી હોય છે.તેવી જ રીતે સી.એ. તેમજરાજય સરકાર/કેન્દ્ર સરકાર દ્વારા યોજીત વિવિધપરીક્ષાઓ આપવા અંગેના આધારભૂત પુરાવા રજુ કર્યેથીયુનિવર્સિટીની જે તે પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવી તેમજ યુનિવર્સિટીદ્વારાનિયત પરીક્ષા ફી ભરી પરીક્ષા માટે એક તક મળવાપાત્ર રહેશે.આ માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની જે તે નિયતપરીક્ષા પૂર્ણ થયેથી સાત દિવસમાં પોતાની માતૃસંસ્થા (કોલેજ) ના આચાર્યશ્રીની ભલામણ સાથે અરજી કરવાની રહેશે. પરંતુ આ પરીક્ષાઓનું આયોજન યુનિવર્સિટી દ્વારા નિયત કેન્દ્રો પર જ થશે અને જે તે કેન્દ્ર પર વિદ્યાર્થીએ પરીક્ષા આપવા જવાનું રહેશે.**

**ઈ.ચા.કુલસચિવ**

**ક્રમાંક : એ/એ.કા./કા.વા./૯૫૮૨/૨૦૨૧**
**તા.૦૫/૦૭/૨૦૨૧**

**પ્રતિ,**
**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**

પરિશિષ્ટ–૧ તા. 3-9-21.

નોંધ રજુ કરવી.

PG

પ્રતિ,

કુલસચિવશ્રી

વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી

સુરત.

વિષય – Ph.D. અભ્યાસક્રમ માટે પ્રવેશ ફાળવેલા ઉમેદવાર અભ્યાસ કેન્દ્રોમાં [illegible] આવતા રહેલ ફેરફારોમાં પારદર્શિતા લાવવા.

માનનીય શ્રી,

નમ્રતાપૂર્વક ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે અવારનવાર આવતા રહેલ Ph.D. અભ્યાસક્રમ પ્રવેશ પ્રક્રિયા ઉમેદવાર. અભ્યાસ કેન્દ્રોમાં આવતા રહેલ ફેરફારોનું પારદર્શન [illegible] ન રહેતા માર્ગદર્શન આપવા વિનંતિ.

આભાર સહ.

પ્રો. ડૉ. [illegible]
અધ્યક્ષશ્રી, વાણિજ્ય
વિદ્યાશાખા.

પ્રો. ડૉ. [illegible]
અધ્યક્ષશ્રી, વિજ્ઞાન
વિદ્યાશાખા.

પ્રો. ડૉ. [illegible]
અધ્યક્ષશ્રી, [illegible]
વિદ્યાશાખા

ડૉ. [illegible]
અધ્યક્ષશ્રી, કોમ્પ્યુટર
સાયન્સ. વિદ્યાશાખા.

*चलाएगा। संबंधित विश्वविद्यालय अपनी स्वयं की प्रवेश प्रक्रिया के साथ ही अर्हता शर्तें तैयार करेगा ताकि यह सुनिश्चित किया जा सके कि इन श्रेणियों में से अधिकांश सीटें भरी जा सकें।"*

प्रो. रजनीश जैन, सचिव वि.अ.आ.
[विज्ञापन-III/4/असा./202/18]

**MINISTRY OF HUMAN RESOURCE DEVELOPMENT**

(UNIVERSITY GRANTS COMMISSION)

**NOTIFICATION**

New Delhi, the 27th August, 2018

**University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.Phil/Ph.D Degrees) (1st amendment ) Regulations, 2018**

**F.No.1-1/2002(PS)Exempt(Pt.Fl.III) Vol-II.**—In exercise of the powers conferred under clauses (f) and (g) of sub-section (1) of Section 26 of University Grants Commission Act, 1956 (3 of 1956), the University Grants Commission hereby makes the following Regulations to amend to UGC (Minimum Standards and Procedure for Awards of M.Phil/Ph.D Degree) Regulations 2016.

1. Short title, application and commencement:

1.1. These Regulations may be called the University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.Phil/Ph.D Degrees) (1st Amendment) Regulations 2018.

1.2 They shall come into force from the date of its publication in the Official Gazette.

2. The following proviso shall be added to the clause 5.4.1 of the University Grants Commission (Minimum Standards and Procedure for award of M.Phil/Ph.D Degrees) Regulations, 2016

"provided that a relaxation of 5 % of marks (from 50% to 45%) shall be allowed for the candidates belonging to SC/ST/OBC(Non-Creamy layers)/Differently-abled category in the entrance examination conducted by the Universities.

provided further that, if in spite of the above relaxation, the seats allotted for SC/ST/OBC(Non Creamy layer)/Differently-Abled categories remain unfilled, the concerned Universities shall launch a Special Admission Drive, for that particular category within one month from the date of closure of admissions of General Category. The concerned University will devise its own admission procedure, along with eligibility conditions to ensure that most of the seats under these categories are filled."

Prof. RAJNISH JAIN, Secy.,UGC
[ADVT.-III/4/Exty./202/18]

RAKESH SUKUL Digitally signed by RAKESH SUKUL Date: 2018.08.28 15:43:05 +05'30'

Uploaded by Dte. of Printing at Government of India Press, Ring Road, Mayapuri, New Delhi-110064
and Published by the Controller of Publications, Delhi-110054.